# રૂષિલ ડેકોર લિ. ૩૦૦ કરોડનું ટર્નઓવર હાંસલ કરશે

## ૬૦ % ઉત્પાદનનું બહારના દેશોમાં કરતું નિકાસ, ટુંક સમયમાં ડેટ-ફ્રી કંપની બનશે

રૂષિલ ડેકોર લિમિટેડ, જે વીર લેમિનેટ્સના નામે જાણીતી છે, જે ૪૦ દેશોમાં એક્ષપોર્ટ કરે છે તેમજ પોતાના શેરહોલ્ડરો અને ગ્રાહકો માટે વિકાસના કદમ માંડી રહી છે.

ડેકોર અને ફર્નિશિંગ્સ સાથે રીઅલ એસ્ટેટ પ્રગતિ કરી રહેલ છે. જે મુજબ લેમિનેટ્સની માંગ અને વપરાશમાં મોટો ઉછાળો આવેલ છે. લેમિનેટ્સ વગર પ્રવર્તમાન સંજોગોમાં કોઈ પણ ડેકોર અધૂરું છે.

આમ, અમદાવાદ સ્થિત રૂષિલ ડેકોર લિમિટેડ, ડેકોરેટિવ લેમિનેટ્સ શીટ્સ, એમડીએફ બોર્ડસ, અને પ્રી-લેમ બોર્ડસના ઉત્પાદન ક્ષેત્રે એક વિશાળ કંપની ઊભરી આવેલ છે. આ કંપનીના પોતાનાં ઉત્પાદનો વીર લેમિનેટસના નામથી બજારમાં પ્રખ્યાત છે, જેની શરૂઆત ૨૪ મે, ૧૯૯૩થી થયેલ હતી.

લેમીનેટ બીઝનેસમાં જોડાયેલ માઈકા રૂષિલ પ્રાઈવેટ લીમિટેડ અને રૂષિલ હાઈ પ્રેશર પ્રાઈવેટ લીમીટેડનું રૂષિલ ડેકોર પ્રાઈવેટ લીમિટેડમાં વર્ષ ૨૦૦૫માં વિલીનીકરણ થયેલ, જે હાલમાં રૂષિલ ડેકોર લિમિટેડ તરીકે ઓળખાય છે. કંપની હાલમાં સંયુક્ત રીતે વાર્ષિક ૪૮ લાખથી પણ વધુ શીટ્સની ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે.

કંપનીના પ્રમોટરો બે દાયકાથી પણ વધુ સમયથી લેમિનેટેડ ઉત્પાદનો સાથે સંકલાયેલા છે. ૧૯૯૪માં પ્રથમ એક્ષપોર્ટ ઓર્ડર મળ્યા પછી કંપની આજે પોતાની ઓળખ વણથંભી વણઝારરૂપે એક અદ્યતન ડેકોરેટિવ લેમિનેટેડ શીટ્સ અને એમડીએફ બોર્ડના ઉત્પાદક તરીકે પ્રસ્થાપિત કરી ચૂકેલ છે. દેશભરમાં શાખાઓ, ડિસ્ટ્રિબ્યુટરો અને ડીલરોનું નેટવર્ક પણ ધરાવે છે. એટલું જ નહિ, પરંતુ દેશભરમાં અને વિદેશમાં પણ કંપની પોતાની માર્કેટીંગ ઓફીસો, કન્સાઈન્મેન્ટ એજન્ટસ અને ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક ધરાવે છે.

શ્રી કૃપેશ ઘનશ્યામભાઈ ઠક્કર જે રૂષિલ ડેકોર લિ.ના મેનેજિંગ ડિરેક્ટર, જેમને પ્લાયવુડ, લેમિનેટ્સ અને સંલગ્ન ઉત્પાદનોના ટ્રેડિંગ અને ઉત્પાદન ક્ષેત્રે એક દાયકાથી પણ વધુનો બહોળો અનુભવ ધરાવી રહ્યા છે. તેમને રાજીવ ગાંધી શિરોમણી એવોર્ડ અને ઈન્દિરા ગાંધી સદ્ભાવના એવોર્ડ ૨૦૦૭માં એનાયત થયેલ હતો તથા ઈન્ડીયન લેમિનેટ મેન્યુફેકચરીંગ એસોસિએશનના પ્રેસિડેન્ટ અને એસોસિએશન ઓફ પેનલ બોર્ડ મેન્યુફેકચરર્સના કાર્યશીલ સભ્ય તરીકેની શ્રી ઠક્કર સેવાઓ આપી રહ્યા છે.

કંપનીનો વિકાસ : * આજે ઉત્પાદિત લેમિનેટ પ્રોડક્ટસનું ૬૦ % નિકાસ કરે છે. * સને ૧૯૯૪માં કંપનીએ બાંગ્લાદેશ તરફથી મેળવેલ પ્રથમ નિકાસ ઓર્ડર હતો. * સને ૨૦૦૬ થી ૨૦૧૩ સુધીમાં દર વર્ષે કંપની દ્વારા તેમના શેરહોલ્ડરો માટે જાહેર કરવામાં આવેલ રૂા. ૦.૫૦ થી રૂા. ૧.૦૦નું ડિવિડન્ડ જે કંપની દ્વારા રજૂ કરવામાં આવેલ વિકાસનો પુરાવો છે. * સને ૨૦૧૧માં કંપનીના શેરો બીએસઈ અને એનએસઈ ઉપર લીસ્ટેડ થયા હતા. * ત્રિમાસિક ગાળા દરમ્યાન પ્રસિદ્ધ કરવામાં આવેલ ફાયનાન્સીયલ રીઝલ્ટના આંકડાઓ જોતાં જણાઈ આવે છે કે રૂષિલ ડેકોર લિ. પ્રત્યેક વર્ષે ઉત્પાદન ખર્ચ ઘટાડી નફો વધારી રહી છે. જેનાથી કંપની આવનાર વર્ષોમાં દેવામુક્ત થઈ જશે તથા રૂા. ૨ કરોડ વાર્ષિક ધોરણે વ્યાજ બચાવશે એવું દેખાઈ રહ્યું છે. * કંપનીની રોકડ આવક જોતાં કંપનીએ બતાવેલ પ્રિટેક્ષ પ્રોફીટ + ડેપ્રિસિએશન + ડીફર્ડ ટેક્ષ લાયબલીટી સાથે કંપનીની પ્રોફિટીબીલીટીના આંકડાઓ જોતાં માર્ચ ૨૦૧૬માં ૩૦૧ કરોડના ટર્નઓવરની સામે ગ્રોસ પ્રોફીટ ૨૦.૮૭ કરોડની સામે નેટ પ્રોફીટ ૧૬.૬૧ કરોડ અને માર્ચ ૨૦૧૭માં ૩૨૮ કરોડના ટર્નઓવરની સામે ગ્રોસ પ્રોફીટ ૨૪.૨૧ કરોડની સામે નેટ પ્રોફીટ ૧૯.૨૭ કરોડ તથા માર્ચ ૨૦૧૮માં ૩૫૦ કરોડના ટર્નઓવરની સામે ગ્રોસ પ્રોફીટ ૨૮.૦૨ કરોડની સામે પ્રોફીટ ૨૨.૩૦ કરોડ થવાની ધારણા છે. * ગયા વર્ષના રૂા. ૨૭૫ કરોડના ટર્નઓવરની સામે રૂા. ૩૦૦ કરોડનું ટર્નઓવર હાંસલ કરશે. આથી વર્ષ દીઠ ૧૦ % ના વિકાસ દરે આગળ વધી રહી છે.

કંપનીની ખાસીયતો : યુ.કે. સર્ટિફિકેશન અને ઈન્સ્પેકશન લિમિટેડ દ્વારા આપવામાં આવેલ ૨૦૧૫ સર્ટિફિકેટ ઓફ કમ્પ્લાયન્સ (સીઈ)

રૂષિલ કિચેન ડોર જે આરકેડીથી જાણીતું છે તેના ઉત્પાદનમાં રૂષિલની માસ્ટરી છે.

પ્રમોટરોની દૂરંદેશી : અનુભવી પ્રમોટરો અને તેમની ટીમની દૂરંદેશી પ્લાનિંગથી કંપનીને પ્રત્યેક લાભની તક હસ્તગત કરવામાં અને વિકાસની રચના સંદર્ભે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાનું લેમિનેટ શીટ ઉત્પાદન એકમ, ચિકમંગલુરૂ ખાતેનું એમડીએફ બોર્ડ ઉત્પાદન એકમ કર્ણાટક પાસે છે. રો-મટીરિયલ કંપની પાસે રેગ્યુલર સ્ટોકમાં હોવાથી માત્ર પશ્ચિમી બજારોને જ નહિં, પરંતુ ભારતીય અને વૈશ્વિક માર્કેટને હાંસલ કરી શકે છે.

પોતાની વૈશ્વિક મહત્વાકાંક્ષા અર્થે કંપની સક્રિય રીતે નવા બજારોની શોધમાં છે, જે અભૂતપૂર્વ છે. બેકવર્ડ ઈન્ટીગ્રેશન દ્વારા આ જ સેગ્મેન્ટ માટે નવી ઉત્પાદન સુવિધાઓની પણ તે આશા રાખે છે.

કંપની હવે આફ્રિકા અને સાર્કના ૧૦ દેશોના ઉમેરા સાથે ૫૦ દેશોમાં સક્રિય રીતે એક્ષપોર્ટ કરી રહી છે. અમદાવાદ સ્થિત એક કંપની તરીકે રૂષિલ ડેકોર લિમિટેડ વૈશ્વિક નકશા ઉપર પગરણ માંડી રહેલ છે, જે ક્રમશઃ લેમિનેટસ માટે ઔદ્યોગિક ઉત્પાદનનું કેન્દ્ર બની રહેલ છે.

કંપનીનું સામર્થ્ય અને લક્ષ્યાંકની ઝુંબેશ જોતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'મેક-ઈન-ઈન્ડિયા'ના સ્વપ્નને સાકાર કરવા જઈ રહી છે.